## અધિક જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટમાં, નવસારી

---

ક્રિમીનલ કેસ નં.11078/2023
આંક :-6

---

ફરીયાદી :- સરકાર

**વિરૂધ્ધ**

આરોપી:-પ્રદિપભાઈ રમણીકભાઈ જોગીયા

---

**-:ઠરાવ:-**

(૧) હાલના કામે આરોપી વિરૂધ્ધ ગુજરાત નશાબંધી અધિનિયમ કલમ ૬૫.એ.એ.૧૧૬(૨) ગુનાનો આક્ષેપ છે.
(૨) આરોપી વિરૂધ્ધના ગુનાનું સંજ્ઞાન લઈ પ્રોસેસ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ. આરોપી વિરૂધ્ધ પ્રોસેસની બજવણી થતા આરોપી તેમના વકીલશ્રી મારફતે અત્રેની અદાલતમાં હાજર થતા આરોપીને ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૨૦૭ મુજબની નકલો પુરી પાડવામાં આવેલ.
(૩) ત્યારબાદ હાલના કામે આરોપી વિરૂધ્ધ તહોમતનામું ઘડી આરોપીનો તે અનુસંધાને જવાબ નોંધતા આરોપી દ્વારા તેમના વિરૂધ્ધના ગુનાની કબુલતા કરવામાં આવેલ છે. વધુમાં આ અંગે કબુલાત પુરસીસ પણ રજુ કરવામાં આવેલ છે.
(૪) આરોપીપક્ષે વધુમાં રજુઆત કરવામાં આવેલ છે કે, ગરીબી તથા અજ્ઞાનતાના કારણસર હાલનો ગુનો બનવા પામેલ છે. વધુમાં આરોપીપક્ષે રજુઆત છે કે, તેઓના કુટુંબના ભરણપોષણની જવાબદારી તેઓના શીરે છે. વધુમાં સજા અંગે તેઓ ઉપર દયા રાખવા અરજ ગુજારેલ છે.
(૫) આમ, કેસની હકીકત, આરોપીના આર્થિક તથા સામાજિક પરિસ્થિતિ તથા આરોપીપક્ષે સ્વૈચ્છિક કબુલાત તથા તેમજ આ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ***'સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર ' ના ૨૦૦૫ ક્રિમીનલ લો જર્નલ ૨૯૫૭*** પર પ્રસિધ્ધ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાતો ધ્યાને લઈ આરોપીને લધુતમ સજા કરવામાં આવશે તો ન્યાયનો વિશાળ હેતુ જળવાશે તેમ જણાય છે. આમ, ઉપરોકત તમામ સંજોગો તથા હકીકતોમાં નીચે મુજબનો હુકમ કરવો ન્યાયોચીત આવે છે.

**-:આખરી હુકમ:-**

(૧) આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૪૧ અન્વયે ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ ૬૫એ.એ, મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી રૂ૰ ૨૦૦/- (અંકે રૂપિયા બસ્સો પુરાનો)દંડની સજા ફરમાવુ છું. અને જો દંડની રકમ ના ભરવામાં આવે તો ૫ દિવસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.
(૨) હાલના કામે મુદ્દામાલ વાહન તેમજ મોબાઈલ ફોન બાબતે વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે અને મુદ્દામાલ દારૂનો અપીલ સમયબાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.
ઠરાવ આજરોજ ૦૯ મી માહે માર્ચ સને ૨૦૨૪ નારોજ નેસનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ-૦૯.૦૩. ૨૦૨૪ **મોહિત આર. ત્રિવેદી**
સ્થળઃ- નવસારી. અધિક જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, નવસારી
જજ કોડ જીજે૦૧૫૭૫

---

રૂ. ૨૦૦/- અંકે રૂપિયા બસ્સો પુરાનો દંડની રસીદ ન........ તા. ૦૯.૦૩.૨૦૨૪ નારોજ લિધેલ છે.

સુપ્રિટેન્ડેન્ટની સહિ. ( અધિક જ્યુ. મેજિ. ફર્સ્ટ ક્લાસ કોર્ટ)